# ‘પાટીદાર પાવર’ હાર-જીત નક્કી કરશે

## ૧૮૨ બેઠકોમાંથી ૫૦ બેઠકો પર પાટીદાર સમાજનો દબદબો : જ્યારે ૨૪ બેઠકોમાં પાટીદાર સમાજ નિર્ણાયક પરીબળ બની શકે

ગાંધીનગર, તા. ૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં પાટીદાર અનામત આંદોલન નિર્ણાયક પરિબળ બનીને ઉભરી રહ્યું છે ત્યારે પટેલ દિવસોમાં સમગ્ર પરિસ્થિતિ સ્પષ્ટ બનશે. ભાજપ કે કોંગ્રેસ જાતિવાદી રાજનિતિનો જાહેરમાં વિરોધ કરતા હોય પરંતુ ટીકીટો આપવામાં જાતિવાદી સમીકરણો જોવાય છે. સરેરાશ ૩૨ થી ૩૬ પાટીદાર ધારાસભ્યોનો દબદબો રહ્યો છે.

૧૩મી વિધાસનભા માટે નવું સીમાંકન દાખલ થયું ત્યારે પાટીદાર સમાજનું સંપૂર્ણ પ્રભુત્ત્વ છતાંયે નારાણપુરા, માણસા, રાજકોટ પશ્ચિમ, નરોડા, ગોંડલ, માણાવદર, જૂનાગઢ જેવી બેઠકો વણિક, સિંધી, લોહાણા, આહીર સહિત ઓબીસીની જ્ઞાતિઓના ઈડર, રાજકોટ ગ્રામ્ય, ગઢડા, કાલાવડ આ પાંચ અનામત બેઠકો ઉપર પણ પાટીદાર સમાજના મતો સૌથી વધુ છે.

જેમાંથી કડીને બાદ કરતા પાટીદારો પણ ચૂંટાયા છે. જેમાં અબડાસા, પાલનપુર, ચાણસ્મા, મોડાસા, પ્રાંતિજ, ગાંધીનગર સાઉથ, ગાંધીનગર નોર્થ, કલોલ, વટવા, બાપુનગર, તાલાલા (ગીર),

### રાજકારણમાં આ ફેક્ટર પહેલી વાર નથી આવ્યું !

ગુજરાતના રાજકારણમાં, ભાજપની સત્તા સામે પાટીદારોની નારાજગીનું ફેક્ટર એ કંઈ નવું નથી ! ભાજપની પહેલી સરકાર વર્ષ ૧૯૯૬માં બની ત્યારે શંકરસિંહે બળવો કરી કેશુભાઈ પટેલ સરકારને ઉથલાવી હતી. નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રીપદ સંભાળ્યા બાદ ૨૦૦૨માં પણ કેટલાક પાટીદારો ભાજપની સામે પડયા હતા. કોંગ્રેસમાંથી ચૂંટણી પણ લડયા હતા. ૨૦૧૨માં તો ખુદ કેશુભાઈ પટેલ ભાજપની સામે પાર્ટી બનાવીને ચૂંટણી લડયા હતા.

### ૨૦,૦૦૦ પ્લસ પટેલ મતદારો ધરાવતાં ક્ષેત્રો

અનેકવિધ જ્ઞાતિ સમાજોની વચ્ચે પણ પાટીદાર સમાજના ૨૦,૦૦૦થી ૩૦,૦૦૦ મતો ધરાવતી હોય તેવી કુલ ૧૯ બેઠકો છે. જેમાં રાપર, જામનગર સાઉથ, તળાજા (ભાવનગર), ભાવનગર ગ્રામ્ય, બોરસદ, આંકલાવ, માતર, મહુધા, કપડવંજ, શહેરા, વાઘોડિયા, અકોટા, રાવપુરા, માંજલપુર, પાદરા, નાંદોદ, જંબુસર, ભરૂચ, નવસારીનો સમાવેશ થાય છે. આવી બેઠકો પરથી પણ પાટીદાર ઉમેદવારોને વિધાનસભામાં એન્ટ્રી મળી છે.

### પાટીદારોનો પૂર્ણ પ્રભાવ ધરાવતી ૫૦ બેઠકોની યાદી

| મતક્ષેત્ર | પાટીદાર મતો | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | નારણપુરા | ૪૦,૨૮૨ | જસદણ | ૫૬,૭૬૫ | જામનગર ગ્રામ્ય | ૩૭,૦૧૦ |
| | | નિકોલ | ૫૨,૭૨૩ | ગોંડલ | ૯૨,૮૮૦ | સયાજીગંજ | ૪૨,૯૨૯ |
| ઊંઝા | ૮૫૦૮૧ | નરોડા | ૪૬,૯૩૩ | જામજોધપુર | ૪૬,૪૯૮ | બોટાદ | ૪૦,૦૮૮ |
| વિસનગર | ૬૩,૯૫૮ | મણિનગર | ૪૬,૦૪૯ | માણાવદર | ૬૯,૩૩૭ | કામરેજ | ૧,૭૪,૬૭૩ |
| બહુચરાજી | ૫૨,૫૦૭ | સાબરમતી | ૪૪,૫૦૦ | જૂનાગઢ | ૬૨,૦૦૦ | સુરત ઉત્તર | ૮૧,૬૩૧ |
| ગાંધીનગર ઉ. | ૩૬,૦૦૦ | ધ્રાંગધ્રા | ૬૭,૦૪૬ | વિસાવદર | ૧,૦૬,૧૨૬ | વરાછા | ૧,૨૮,૩૨૩ |
| મહેસાણા | ૬૩,૧૩૧ | મોરબી | ૬૦,૨૩૦ | કેશોદ | ૫૭,૬૪૭ | કારંજ | ૭૭,૧૦૧ |
| વિજાપુર | ૬૭,૫૩૮ | ટંકારા | ૧,૦૨,૪૬૯ | ધારી | ૫૮,૧૯૫ | મજૂરા | ૬૧,૩૨૧ |
| હિંમતનગર | ૫૪,૮૮૦ | દસ્ક્રોઈ | ૫૧,૯૫૯ | અમરેલી | ૭૫,૮૭૧ | કતારગામ | ૯૯,૮૪૪ |
| માણસા | ૪૭,૦૯૦ | વિરમગામ | ૩૭,૦૫૫ | લાઠી | ૪૬,૨૪૦ | લુણાવાડા | ૪૯,૨૦૪ |
| ઘાટલોડિયા | ૬૧,૬૪૪ | રાજકોટ ઈસ્ટ | ૫૫,૯૬૯ | સાવરકુંડલા | ૫૪,૮૭૦ | નડિયાદ | ૩૮,૮૦૦ |
| વેજલપુર | ૪૦,૮૫૪ | રાજકોટ વેસ્ટ | ૭૭,૭૮૯ | જેતપુર | ૮૫,૮૦૬ | ડભોઈ | ૪૪,૮૮૬ |
| ઠક્કરબાપાનગર | ૩૫,૩૬૫ | રાજકોટ સાઉથ | ૪૬,૧૦૦ | ધોરાજી | ૧,૦૦,૮૮૪ | કરજણ | ૩૬,૦૦૦ |

સમાજ કોની તરફ ઢળશે તે હજુ સ્પષ્ટ થતુ નથી. છેલ્લા ૨૨ વર્ષથી ભાજપની પડખે રહેનાર પટેલોનો મોટો સમુહ અનામત આંદોલનના કારણે ભાજપથી નારાજ થયો છે. કોંગ્રેસ આ સમગ્ર પરિસ્થિતિનો લાભ ઉઠાવે એ સહજ પ્રક્રિયા છે અને પટેલોને મનાવી લેવા બંને પક્ષો જાતભાતના રીતરસમો અદા કરી રહ્યા છે. જો કે પાટીદાર સમાજનો એક વર્ગ ભાજપના સમર્થનમાં ખુલીને બહાર આવે છે તો બીજો એક વર્ગ ભાજપને હરાવવા ખુલ્લમખુલ્લા દેકારા પડકારા કરે છે. જો કે આવનારા પાટીદાર વિસ્તારમાં પાટીદારોને અને ઠાકોરોના વિસ્તારમાં ઠાકોરને ટીકીટ આપવામાં આવે છે. ૧૮૨ બેઠકોમાંથી ૫૦ બેઠકો એવી છે જેમાં પાટીદારોના મત ૪૦ હજારથી વધુ હોવાથી સ્થિતિ નિર્ણાયક છે. આ ઉપરાંત ૨૪ બેઠકોમાં પાટીદાર મતદારો ૩૦ થી ૪૦ હજારની સંખ્યા ધરાવે છે. આમ પાટીદાર સમાજ ગુજરાતની દિશા અને દશા નક્કી કરવામાં નિર્ણાયક બની શકે છે.

વર્ષ ૧૯૯૦થી વર્ષ ૨૦૦૭ સુધી વિધાનસભા ચૂંટણીઓમાં ૧૮૨ જનપ્રતિનિધિઓમાંથી ધરાવતી ૪૬ બેઠકો ઊપસી આવી હતી પરંતુ, ડિસેમ્બર ૨૦૧૨માં બે તબક્કે મતદાન થયું ત્યારે ભાજપના ૩૯, કોંગ્રેસના ૮, જીપીપીના બે અને એક એનસીપી એમ કુલ ૫૦ પાટીદાર આગેવાનો ચૂંટાઈ આવ્યા હતાં. આ જ નવા સીમાંકનથી ગુજરાત ૨૦૧૭ની ચૂંટણીમાં ૧૪મી વિધાનસભાની રચના તરફ આગળ વધી રહ્યું છે ત્યારે સવા લાખથી ૪૦ હજાર મતદારો સાથે પોતાના ૫૦ મતક્ષેત્રમાં પાટીદારો સૌથી પહેલી પંક્તિનો સમૂહ છે. આમ ઉમેદવારોના હારજીતનું મજબૂત




ફેક્ટર રહ્યો છે. એવી જ રીતે પાટીદાર અનુસૂચિત જાતિ માટે બંધારણીય અનામત રહેલી કડી, તમામ બેઠકો હાલમાં ભાજપ પાસે છે. ૩૦,૦૦૦ પ્લસ પટેલ મતદારો ધરાવતાં ક્ષેત્રો વિધાનસભાની ૨૪ બેઠકોમાં પાટીદાર મતદારોની સંખ્યા બીજા સૌથી મોટા જ્ઞાતિ સમુહની છે. ઠાકોર, કોળી, આહીર, ક્ષત્રિય, મુસ્લિમ જેવા જ્ઞાતિ સમાજોની આ બેઠકોમાં સ્થાનિક પ્રભાવને કારણે કેટલીક બેઠકો ઉપરથી ૨૦૧૨માં મહુવા (ભાવનગર), પાલીતાણા, ભાવનગર ઈસ્ટ, ભાવનગર વેસ્ટ, ખંભાત, ઉમરેઠ, આણંદ, પેટલાદ, ઓલપાડ, સુરત ઈસ્ટ, ઉધના, સુરત વેસ્ટનો સમાવેશ થાય છે.

### ‘તેલની શીશી’ના નિવેદનથી કોંગ્રેસે ગુજરાત ગુમાવેલું

વર્ષ ૧૯૮૫માં કોંગ્રેસના નેતાએ અનામતનો વિરોધ કરનારા શીશીમાં તેલ લાવતા થઈ જશે એમ કહ્યું હતું. આ વિધાનોને સ્વમાનનો મુદ્દો બનાવીને પાટીદારો પહેલીવાર ગુજરાતની રાજનીતિમાં ખુલ્લેઆમ આવ્યાં. એ વખતે માંડ બે વર્ષથી અમલમાં આવેલી રાજકીય પાર્ટી ભાજપને સમર્થન આપીને વર્ષ ૧૯૯૦માં જ કોંગ્રેસને ઐતિહાસિક પછડાટ આપી. ત્યારથી અત્યાર સુધી કોંગ્રેસ માટે લગભગ ગુજરાતવટો કહેવાય એવી સ્થિતિ છે, જેને ખુદ કોંગ્રેસ પણ સ્વીકારે છે.

### ‘પટેલ’ આ શબ્દમાં જ નેતાગીરીની સંજ્ઞા

પટેલ- આ શબ્દમાં કોઈ જ્ઞાતિની ઓળખ કરતા નેતૃત્વનો ભાવ વધુ છે. પટેલ એ ન્યાત, સમાજ, ગામ, વિસ્તારમાં પણ હોઈ શકે અને એક સમયે તો પોલીસતંત્રમાં પણ ’પોલીસ પટેલ’ની વ્યવસ્થા પણ હતી ! ખેતી સાથે સીધો સંબંધ, સમાજ સુધારની પહેલ, જન્મથી લઈને મૃત્યુ સુધીની વ્યવસ્થાઓનું સંચાલન કરતી સંસ્થાઓમાં પાટીદારોની દૂરંદેશીતાને કારણે અન્ય જ્ઞાતિ-સમાજોમાં પણ પાટીદારોનું પ્રભુત્વ રહ્યું છે.

### નવા સીમાંકનની કાર્યવાહીમાં પાટીદારોના મતને કેન્દ્રમાં રાખ્યા

વિધાનસભાની ૧૮૨ બેઠકોનું સીમાંકન ફેરવવા વર્ષ ૨૦૦૯ પહેલા કાર્યવાહી થઈ હતી. સીમાંકનની પ્રક્રિયા જિલ્લા કલેક્ટરો દ્વારા કરાવે છે. એ વખતે ભાજપની સરકાર હતી અને પોતાની કોર વોટબેન્ક પાટીદારોને ફોકસમાં રાખીને નવુ સીમાંકન રચ્યું. બે વર્ષ પહેલા રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં નવું સીમાંકન દાખલ કર્યુ તેમાં પણ આ જ ફોર્મ્યુલા હતી. અનેક પાલિકા-પંચાયતો હાથમાંથી સરકી જતા વિધાનસભા ચૂંટણીમાં ભાજપ પાટીદાર કોર વોટબેંકને પાછી વાળવા આકાશ-પાતળ એક કરી રહ્યો છે.

# વેપાર ઠપ્પ, ઉત્પાદન બંધ, જોબ છીનવાઈ રહી છે ઈલેક્શનના કારણે GSTના દરમાં સુધારા થશે

## જીએસટીના કારણે ગુજરાતના વેપારીઓની હાલત કફોડી છે

કેન્દ્રની મોદી સરકારના માનિતા નાણામંત્રી અરૂણ જેટલીએ નોટબંધી અને જીએસટી જેવા બે નિર્ણયો લાવીને દેશની જનતાની આર્થિક કેડ ભાંગી નાંખી છે ત્યારે ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં આવેલી ચૂંટણીના કારણે આખા દેશને ફાયદો થઈ રહ્યો છે. આ બન્ને નિર્ણયોથી આખો દેશ ભાજપથી નારાજ છે. લોકોના પરિવારોની આર્થિક હાલત કફોડી બની છે. મોંઘવારી વધતી જાય છે અને નોકરીઓ છૂટતી જાય છે. ભાજપના જ સિનિયર નેતાઓ બહાર આવીને સરકારની ઝાટકણી કાઢી રહ્યાં છે ત્યારે કેન્દ્રના નાણામંત્રી ઝૂકવા તૈયાર થયા છે.

### ચૂંટણીમાં નવા જૂની થાય તે પહેલાં કેન્દ્ર ઉકેલ લાવવા માગે છે

આ બે રાજ્યોમાં હિમાચલની ચૂંટણી એટલી મહત્વની નથી જેટલી ગુજરાતની છે. કારણ કે ગુજરાતની ચૂંટણીનો વિજય જ ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ૨૦૧૯માં ફરી ગાદી અપાવી શકે છે. જીએસટીની આગામી બેઠકમાં નાણામંત્રી જીએસટીમાં જરૂરી સુધારા કરવા જઈ રહી છે. તાજેતરમાં જ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નાણામંત્રી અરૂણ જેટલીને વેપારીઓની સમસ્યાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા અને જેટલીએ જીએસટીમાં કેટલીક રાહતો આપવાની હૈયાધારણ આપી હતી. દર મહિનાને બદલે હવે વેપારીઓ ત્રિમાસિક જીએસટી રિટર્ન ફાઈલ ભરી શકે તેવી જોગવાઈ કરવા ઉપરાંત એડ્વાન્સ પર જીએસટી નહીં લેવાની અને લેટ ફી કે પેનલ્ટી નાબૂદ કરવાની જાહેરાત કરવાની ખાતરી આપી હતી.




GSTનો અમલ શરૂ થયો ત્યારથી જ વેપારીઓ માટે જુદી જુદી તકલીફો ઊભી થઈ રહી છે. પહેલાં તો GST પોર્ટલ ઠપ થઈ જવાથી વેપારીઓ રિટર્ન ફાઈલ કરી શકતા નથી. આ ઉપરાંત વારંવાર GSTના રિટર્ન ફાઈલ કરવામાં જ મોટા ભાગનો સમય વેડફાઈ રહ્યો છે. સાથે સાથે સરકાર દ્વારા GST પર લેટ ફી કે પેનલ્ટી વસૂલ કરવામાં આવતાં વેપારીમાં ભારે નારાજગી છે. GSTના આ ધાંધિયા સામે ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસો દ્વારા આંદોલન પણ છેડવામાં આવ્યું હતું, જેમાં GST પોર્ટલની પોલ ખૂલી ગઈ હતી. એડવાન્સ પર GST વસૂલ કરવામાં આવશે નહીં. સાથે સાથે ઘણી પ્રોડક્ટ કે જેના ઉપર ૨૮ ટકા GST છે, તેને ૧૮ ટકામાં આવરી લેવામાં આવશે. GSTના અમલ પહેલાંની ગુજરાતમાં વેટની રિફંડની ૯૦૦ જેટલી ફાઈલો પેન્ડિંગ હતી, જેને લઈને વેપારીઓને પોતાનું રિફંડ મેળવવામાં તકલીફ થઈ રહી હતી. આ મુદ્દે ચેમ્બર દ્વારા સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

આ રજૂઆતોને પગલે સરકારે વેટની ફાઈલોનો નિકાલ લાવી દેવા માટે કવાયત હાથ ધરી હતી. આ કવાયતને લઈને રિફંડની ૯૦૦ પૈકી ૮૦૦ ફાઈલો ક્લિયર કરી દેવામાં આવી છે. જેને પગલે જે વેપારીઓને રિફંડ અટવાયેલા હતા તેમને તેમનાં રિફંડ મળી જશે. સાથે સાથે બાકીની ૧૦૦ ફાઈલોનો પણ નિકાલ લાવી દેવામાં આવશે. જીએસટીના અમલીકરણમાં વેપારીઓ અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે અને જીએસટી પોર્ટલમાં પણ ખામીઓ જોવા મળી રહી છે ત્યારે કેન્દ્ર સરકારે માર્ચ ૨૦૧૮ સુધી GSTના વિલંબિત રિટર્ન પર કોઈ પ્રકારની પેનલ્ટી વસૂલવી ન જોઈએ તેવી માંગ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ કરી છે. નાના વેપારીઓ માટે માસિક રિટર્નની જોગવાઈ હળવી કરીને ?૨૫ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતા વેપારીઓ માટે જ માસિક રિટર્નની જોગવાઈ રાખવાની માંગ જીસીસીઆઈએ કરી છે.

ગુજરાત ચેમ્બરે જણાવ્યું હતું કે એડ્વાન્સ રકમ પર ટેક્સ ના લગાવવો જોઈએ કારણ કે તેના કારણે લિક્વિડિટીની સમસ્યા સર્જાય છે. કોમ્પોઝિશન સ્કીમ સ્વીકારનારા સિવાયના કરદાતાઓ માટે ટેક્સ માસિક ધોરણે રાખવો જોઈએ પરંતુ ૩૧ માર્ચ ૨૦૧૮ સુધી રિટર્ન ત્રિમાસિક ધોરણે રાખવા જોઈએ. ચેમ્બરે નાણામંત્રીને રજૂઆત કરી હતી કે હાલમાં GSTમાં ટેક્સ ભરવાની અને રિટર્ન ભરવાની છેલ્લી તારીખ એક જ છે. ઘણા વેપારીઓ ટેક્સ ભરે છે પરંતુ રિટર્ન ફાઈલ કરવામાં મુશ્કેલી અનુભવે છે. પ્રત્યેક મહિનો પૂર્ણ થયા બાદ નવા મહિનાની ૨૦ તારીખ ટેક્સ ભરવાની છેલ્લી તારીખ છે અને રિટર્ન ભરવાની છેલ્લી તારીખ પણ એ જ છે ત્યારે સરકારે ટેક્સ ભરવાની છેલ્લી તારીખ ૨૦ રાખીને રિટર્ન ભરવા માટે ૨૫ તારીખ સુધીનો સમય આપવો જોઈએ.

રિટર્ન ભરવામાં વેપારીથી કોઈ ભૂલ થાય તો તે સુધારવા માટેની સુવિધા પણ GST પોર્ટલ પર આપવી જોઈએ તેવી માંગ ચેમ્બરે કરી છે. હાલમાં ભૂલથી વેપારી વધુ ટેક્સ જવાબદારી બતાવી દે તો જ્યાં સુધી તે એટલો ટેક્સ ના ભરે ત્યાં સુધી રિટર્ન સબમિટ કરી શકાતું નથી. આ પરિસ્થિતિને ટાળવા માટે સુધારો કરવાની સુવિધા આપવા ચેમ્બરે માંગ કરી છે. આજે નાનો વેપાર ઠપ્પ થઈ ગયો છે. લોકોની રોજગારી છીનવાઈ રહી છે. લોકોની ખરીદશક્તિ ઘટી રહી છે ત્યારે હકીહતનું ભાન થતાં સરકાર જીએસટીના દરમાં સુધારો કરવા જઈ રહી છે.

### ગુજરાતનો જંગ જીતવા સરકાર દેશને ફાયદો કરાવવા તૈયાર

જીસીસીઆઈએ નાણામંત્રી જેટલીને રજૂઆત કરી છે કે સિરામિક પ્રોડક્ટ્સ અને ફર્નિચર પર ૨૮ ટકા GST લાગુ કરવામાં આવ્યો છે તે ઘટાડીને ૧૮ ટકા કરવો જોઈએ. સિરામિક પર ૨૮ ટકા ટેક્સના કારણે બેહિસાબી સોદા થાય છે અને જેન્યુઈન વેપારીઓ માટે અયોગ્ય વાતાવરણ સર્જાય છે. ફર્નિચરમાં પણ એ જ પ્રકારે બેહિસાબી સોદા થાય છે અને છેવટે સરકારની રેવન્યુને વિપરીત અસર થઈ શકે છે. આ બંને પ્રોડક્ટ્સ પર GST ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવે તે જરૂરી છે.

# આજે ડૉ. મનમોહનસિંહ અમદાવાદ આવશે

## અમદાવાદ સ્થિત કોંગ્રેસ ઓફિસ પર પત્રકાર પરિષદ યોજશે : ખામીપૂર્ણ જીએસટીની માઠી અસર અને કોઇની સલાહ વગર લેવામાં આવેલા નોટબંધીના કઠોર નિર્ણયને લઇને મોદી સરકાર ઉપર પ્રહાર કરવા સુસજ્જ

ગાંધીનગર,તા. ૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર જારી છે ત્યારે



ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ આવતીકાલે અમદાવાદ પહોંચી રહ્યા છે. અમદાવાદમાં મનમોહનસિંહ અર્થતંત્ર અંગે વિસ્તારપૂર્વક વાત કરીને જીએસટી તેમજ નોટબંધી મુદ્દે સરકાર પર પ્રહારો કરનાર છે. સિંહ નોટંધી અને જીએસટી મુદ્દે જ મોટા ભાગે વાતચીત દરમિયાન ધ્યાન કેન્દ્રિત કરનાર છે. સિંહ પત્રકાર પરિષદ અને જાહેર કાર્યક્રમ પણ કરનાર છે. રાજકોટ, સુરત અને અમદાવાદ સહિત ગુજરાતમાં ૨૫ સ્થળો પર વેપારીઓ સાથે કોંગ્રેસ પાર્ટીએ બેઠકો કરી છે. કોંગ્રેસના નેતાઓનુ કહેવુ છે કે મનમોહનસિંહને બોલાવવા માટેની વિનંતિ પણ કરવામાં આવી હતી. વેપારીઓ તરફથી રજૂઆત કરવામાં આવ્યા બાદ રાહુલ ગાંધીએ મનમોહનસિંહ સાથે વાતચીત કરી હતી. આખરે મનમોહનસિંહ રાહુલની વાત માની ગયા છે અને પ્રચાર કરવા માટે તૈયાર થયા છે. અર્થશાસ્ત્રી તરીકે મનમોહનસિંહની વિશ્વમાં પ્રતિષ્ઠા છે. આવી સ્થિતીમાં તેમના નિવેદન પર તમામની નજર રહેશે. કોંગ્રેસ પાર્ટી ચૂંટણી પ્રચાર દરમિયાન જીએસટી અને નોટબંધીને જોરદાર રીતે ચગાવવા માટે કમરકસી ચુકી છે. આવી સ્થિતિમાં મનમોહનસિંહ અર્થશાસ્ત્રી હોવાના લીધે આ મુદ્દે ખુબ જ તર્કદાર નિવેદન કરી શકે છે. કોંગ્રેસ પાર્ટી પહેલાથી જ કહી ચુકી છે કે, જીએસટીના પરિણામ સ્વરુપે ગુજરાતના વેપારીઓને મોટાપાયે નુકસાન થયું છે. આ સંબંધમાં રાહુલ ગાંધી બુધવારના દિવસે સુરત પહોંચી રહ્યા છે. સુરતમાં રાહુલ ત્રીજી નવેમ્બરના દિવસે પણ રેલી કરી ચુક્યા છે. કોંગ્રેસની સતત રેલી દર્શાવે છે કે, આ વખતે વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટી જીએસટી અને નોટબંધીને લઈને લાભ ઉઠાવવાના પ્રયાસમાં છે. સંસદમાં મનમોહસિંહ પહેલાથી જ નોટબંધીને લઈને કઠોર ટિપ્પણી કરી ચુક્યા છે. નોટબંધીને સંગઠિતરીતે લૂંટનો દરજ્જો આપીને મનમોહનસિંહે વર્તમાન સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. સોમવારના દિવસે પણ મનમોહનસિંહે કોંગ્રેસ હેડક્વાર્ટર ખાતે યોજાયેલી બેઠકમાં જીએસટીને લઈને ચિંતા વ્યક્ત કરી હતી. સિંહ કહી ચુક્યા છે કે, મોદી સરકાર દ્વારા જીએસટી વ્યવસ્થાને લાગૂ કરવાને લઈને ભુલો કરવામાં આવી છે જેના લીધે રોજગારને ફટકો પડ્યા છે. બેઠકમાં મનમોહનસિંહે જીએસટીને ખોટીરીતે લાગૂ કરવાના કારણે અર્થવ્યવસ્થા અને ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગો પર પડનાર પ્રભાવનો ઉલ્લેખ કર્યો હતો. મનમોહનસિંહ પહોચે તે પહેલા જીએસટીને લઈને રાહુલ ગાંધી આક્રમક મૂડમાં રહ્યા છે. ગુજરાતમાં પાર્ટીના ઉપપ્રમુખ રાહુલ ગાંધી પણ આક્રમકરીતે પ્રચારના મુડમાં દેખાઈ રહ્યા છે.

### મનમોહનસિંહ પર નજર

- મનમોહનસિંહની એક દિવસની યાત્રાને લઈને કોંગ્રેસના કાર્યકરો ખુબ જ ઉત્સાહિત છે
- જીએસટી અને નોટબંધીને લઈને મોદી સરકાર પર પ્રહાર કરશે
- મોદી સરકાર ખોટી રીતે જીએસટીને રજૂ કરી ચુકી છે તેવો આક્ષેપ થઈ રહ્યો છે ત્યારે જીએસટી અને નોટબંધીના મુદ્દા રજૂ કરશે
- અમદાવાદ સ્થિત કોંગ્રેસ હેડક્વાર્ટરમાં પત્રકાર પરિષદ કરશે
- દોષપુર્ણ જીએસટીની માઠી અસર અને સલાહ લીધા વગર નોટબંધી ઉપર પોતાનો અભિપ્રાય રજૂ કરશે
- જીએસટીને લઈને મનમોહનસિંહ પહેલા પણ ચિંતા વ્યક્ત કરી ચુક્યા છે
- જીએસટીને ખોટીરીતે લાગૂ કરવાનો આક્ષેપ કરી ચુક્યા છે

### પાટીદારના નેતા એરવડિયા સામેના કેસને પાછો ખેંચાશે

પાટીદાર અનામત આંદોલન દરમ્યાન વોટ્સ અપ, ફેસબુક, ટવીટર સહિત સોશ્યલ મીડિયા મારફતે વાંધાજનક અને ઉશ્કેરણીજકન ટિપ્પણીઓ કરી વર્ગવિગ્રહ કરવાના અને રાજય સામે દ્રોહ કરવાના ગંભીર ગુનામાં સંડોવાયેલા મોરબીના પાટીદાર નેતા નીલેશ એરવાડિયા વિરૂધ્ધનો રાજદ્રોહનો કેસ હવે પાછો ખેંચાશે. રાજય સરકારે પાટીદારો વિરૂધ્ધના કેસો પાછા ખેંચવાના કરેલા નિર્ણયના ભાગરૂપે નીલેશ એરવાડિયા વિરૂધ્ધનો ક્રાઈમબ્રાંચમાં નોંધાયેલો આ કેસ પણ પાછો ખેંચાશે. આ માટે સરકારપક્ષ તરફથી મુખ્ય સરકારી વકીલ સુધીર બી.બ્રહ્મભટ્ટે સેશન્સ કોર્ટમાં અરજી આપી દીધી છે, જેની સુનાવણી આગામી સપ્તાહમાં મુકરર કરવામાં આવી છે.

# કડવા પાટીદાર ટ્રસ્ટ હાર્દિકના ટેકામાં : આક્ષેપોનો દોર જારી

તાજેતરમાં જ પાટીદાર સમાજની છ વિવિધ સંસ્થાઓના વડીલ આગેવાનો અને ખુદ યુવા પાટીદાર બ્રિગેડના યુવાઓએ એક મંચ પર જાહેરમાં આવી પાસના નેતા હાર્દિક પટેલ આણિમંડળીનો ખુલ્લો વિરોધ કર્યો હતો અને સાફ શબ્દોમાં જણાવ્યું હતું કે, પાટીદાર અનામત આંદોલન હવે પ્રાઈવેટ અનામત આંદોલન બની ગયું છે ત્યારે હવે પાટીદાર સમાજની કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટ સંસ્થા હાર્દિક પટેલ અને લાલજી પટેલના સમર્થનમાં આવી છે અને આ બંને નેતાઓ દ્વારા ચલાવાઈ રહેલા અનામત આંદોલનને વાજબી અને યથાર્થ ગણાવ્યું હતું. કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટના પ્રમુખ ભીખુભાઈ પટેલ અને પાટીદાર યુથ ફાઉન્ડેશનના પ્રમુખ જગદીશભાઈ પટેલ સહિતના આગેવાનોએ ચૂંટણી ટાણે અંગત રાજકીય ખીચડી પકવવા પાટીદાર સંસ્થાઓનો દૂરપયોગ નહી કરવા પણ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન સહિતની સાંબાંધિત સંસ્થાઓને સાફ શબ્દોમાં ચીમકી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, અનામતની માંગણી એ સમગ્ર પાટીદાર



સમાજની માંગણી છે, અને તેમાં કોઈ વિરોધ કે મતભેદ હોવા જોઈએ નહી. પોતાની અંગત અને રાજકીય મહત્વકાંક્ષાઓ પરિપૂર્ણ કરવા માટે ધાર્મિક સંસ્થાઓને રાજકીય અખાડો બનાવવી જોઈએ નહી. હાર્દિક પટેલ આણિમંડળીનો વિરોધ કરી રહેલી વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, યુવા પાટીદાર બ્રિગેડ સહિતના સંસ્થાઓના જાહેરમાં હાર્દિક વિરોધી નિવેદનો અને સમાજની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડતા નિવેદનોને લઈને પણ કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટના આગેવાનોએ ભારે નારાજગી વ્યકત કરી હતી. સંસ્થાના અગ્રણી જગદીશભાઈ પટેલ, કનુભાઈ પટેલ, બેચરભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ સહિતના આગેવાનોએ સ્પષ્ટ કર્યુ હતું કે, અનામતની માંગણી એ હાર્દિકની માંગણી નથી એ પાટીદાર સમાજની માંગણી છે, જો હાર્દિક આંદોલનમાંથી ખસી જાય તો પણ નવો હાર્દિક ઉભો થશે પરંતુ પાટીદારોની અનામત લઈને જ જંપીશું. તેમાં કોઈ બાંધછોડ નહી થાય. ઉલ્લેખનીય છે કે, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, સરદાર કલ્પરથ સહિતની સંસ્થાઓના યુવા પાટીદાર આગેવાનોએ પણ એક મંચ પર આવી હાર્દિક પટેલનો વિરોધ કરી તેને સાફ શબ્દોમાં ચીમકી આપી હતી કે, જો હાર્દિક પટેલ કોંગ્રેસની પાટલીમાં બેસી પાટીદાર અનામત આંદોલનને બદલે પર્સનલ આંદોલન ચલાવશે તો, પાટીદાર યુવાઓનું તેને કોઈપણ સંજોગોમાં સમર્થન રહેશે નહી. યુવા પાટીદાર બ્રિગેડે હાર્દિક પટેલને અંગત રાજકીય સ્વાર્થમાં રાજકીય રોટલો શેકવાનો પ્રયાસ કરાશે તો, પાટીદાર યુવાઓ તરફથી હવે જડબાતોડ જવાબ અપાશે.